**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, (વેરાવળ) ગીર સોમનાથ .**

## FORM–A

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ ક્રમાંક:– | ૪૭૦/૨૦૨૩ |
| આંક:– | 45 |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ખાનગી ફરીયાદ પરથી દાખલ થયેલ કેસ |
| ફરિયાદી:– | શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કં.લી.<br>ઓથોરાઈઝડ ઓફીસર તથા કુલમુખત્યાર<br>શ્રી પ્રવિણભાઈ ભુવા |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન વકીલશ્રી આર.એ.ચાવડા |
| આરોપી:– | અશોકભાઈ પરબતભાઈ કરંગીયા,<br>ઉ.વ.આ.૪૧, ધંધો–ટ્રાન્સપોર્ટ,<br>મુળ રહે. તાલાલા, જી. ગીર સોમનાથ,<br>હાલ ઠે. કુળદેવી કૃપા, સુંદરમ પાર્ક,<br>મેઈન રોડ, આજી ડેમ ચોકડી પાછળ,<br>માંડા ડુંગર, રાજકોટ. |
| બચાવપક્ષે:– | વિદ્વાન વકીલશ્રી જે.આઈ.શેલત. |

## FORM–B

| | |
|---|---|
| ફરીયાદ દાખલ તારીખ:– | ૧૭.૦૨.૨૦૨૩ |
| પ્લી નોંધ્યાની તારીખ:– | ૧૬.૦૩.૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૧૬.૦૩.૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૦૧.૦૬.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૧૯.૦૬.૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ |

**<u>:– આરોપીની વિગતો:–</u>**

| આરોપી નો | આરોપી નું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ | કરવામાં આવેલ | સુનાવણી દરમ્યાન |
|---|---|---|---|---|---|---|---|

| અનુક્રમ નંબર | | | ની તારીખ | | સજા કરી | સજા | અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અશોક ભાઈ પરબત ભાઈ કરંગીયા | લાગુ પડતુ નથી. | લાગુ પડતુ નથી. | ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ | નિર્દોષ | – | – |

**FORM–C**

**–: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી તથા આંક :–**

**(એ). ફરીયાદ પક્ષ.**

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| આંક–૦૪ | પ્રવિણભાઈ ભુવા તે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી. વેરાવળ શાખા વતી તેના ઓથોરાઈઝ ઓફીસર તથા કુલમુખત્યાર. | ફરીયાદીનો પુરાવો |

**(બી). બચાવ પક્ષ.**

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**(સી).અદાલત દ્વારા.**

| **અનું.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | – |

## :- ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજોના આંકની સુચી -:

**(એ). ફરીયાદ પક્ષ.**

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ૧ | ફરીયાદ. |
| ૨. | ૩૩ | કુલમુખત્યારનામું અસલ. |
| ૩. | ૩૪ | આરોપીએ આપેલ વાદવાળો ચેક અસલ. |
| ૪. | ૩૫ | ચેક રીર્ટન મેમો અસલ. |
| ૫. | ૩૬ | આરોપીને આપેલ નોટીસ. |
| ૬. | ૩૭ | નોટીસ કર્યાની વિન્ડો સ્લીપ અસલ. |
| ૭. | ૩૮ | નોટીસ બજેલનો ટ્રેક રીપોર્ટ કોમ્પ્યુટર કોપી. |
| ૮. | ૩૯ | આરોપીનું લોનનું સ્ટેટમેન્ટ કોમ્પ્યુટર કોપી. |

**(બી). બચાવ પક્ષ.**

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| - | - | - |

(સી). અદાલત દ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

**જજમેન્ટ**

ચેક નંબર :- ૦૧૦૪૨૨

ચેકની તારીખ :- ૩૧/૧૨/૨૦૨૨

ચેકના ડ્રોઅર :- અશોકભાઈ પરબતભાઈ કરંગીયા

ચેકના પેયી :- શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ.

ચેકની રકમ :- ૬,૫૦,૦૦૦/-

ફરીયાદીની બેંકનું નામ તથા બ્રાન્ચનુ સરનામું(હકુમત માટે) :-

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક, વેરાવળ શાખા

આરોપીની બેંકનું નામ તથા બ્રાન્ચ નુ સરનામું (હકુમત માટે) :-

આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, તાલાલા શાખા

ચેક બેંકમાં ભર્યા તારીખ :- ૦૩/૦૧/૨૦૨૩ (રીર્ટનમેમો આધારે)

ચેક રીટર્ન તારીખ (રીટર્ન મેમા આધારે) :- ૦૩/૦૧/૨૦૨૩

ચેક રીટર્ન કારણ (રીટર્ન મેમા આધારે) :-"FUNDS INSUFFICIENT"

ડીમાન્ડ નોટીસ રજી.એડી. કર્યા તારીખ (રજી.એડી. પહોંચ આધારે-નોટીસ

ની સમય મચાર્દા ચેક કરવા) :- ૧૧/૦૧/૨૦૨૩

ડીમાન્ડ નોટીસ બજવણી તારીખ (ફરીયાદની સમય મર્યાદા ચેક

કરવા):- ૧૩/૦૧/૨૦૨૩

ડીમાન્ડ નોટીસમાં માંગણી કરેલી રકમ અને તેના માટે આપેલી મુદત :-

૬,૫૦,૦૦૦/- (પંદર દિવસ-નોટીસ બજવણી તારીખ થી)

ફરીયાદ દાખલ તારીખ :- ૧૭/૦૨/૨૦૨૩

**<u>મુળ ફરિયાદની મહત્વની હકિકતો સંક્ષિપ્ત/સારાંશમાં :-</u>**

**(૧)** ફરિયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કુ.લી. તે ધીરાણ આપતી કાયદા મુજબ રેકોગ્રાઈઝડ થયેલ રજીસ્ટર સંસ્થા છે તથા તેનું કાર્યક્ષેત્ર ભારતભરમાં છે અને તેની બ્રાંચ ઓફીસ-બીજા માળે, આકાશ, ૮૦ ફુટ રોડ, બેન્ક કોલોની, વેરાવળમાં આવેલ છે અને સદસહુ બ્રાંચ મારફત ધીરાણ મેળવવા ઈચ્છતા લોકોને કંપનીના નિયમો અને શરતોને આધીન દરેક પ્રકારના વાહનો ખરીદવા માટે ધીરાણ પૂરૂ પાડવાની તથા આપેલ ધીરાણની રીકવરી કરવાની કામગીરી કરે છે. વેરાવળ બ્રાંચના ઓથોરાઈઝડ ઓફીસરને સદરહું કંપની વતી કંપનીના કલાયન્ટ સામે કાયદાકીય પગલા ભરવાના પાવર સદરહું કંપનીએ કુલમુખત્યારનામાથી આપેલ છે અને તે અધિકારની રૂએ આ ફરિયાદ અરજીમાં

ફરિયાદીની હેસીયતથી સહી કરેલ છે. આ કામના આરોપીને ASHOK LEYLAND AL 1616 IL FBT ની ખરીદી કરવી હોય આરોપીએ ફરિયાદીનો સંપર્ક કરેલ. આરોપીને લોનની જરૂરીયાત હોય આરોપીએ લોન મેળવવા પ્રપોઝલ મુકેલ હતી. ત્યારબાદ આરોપીને કંપનીના નિતિ–નિયમો અને શરતોની સમજ આપતા આરોપી સદરહુ શરતો કબુલ, મંજુર રાખી લોન મેળવવા માંગતા હોય આરોપીએ તેઓની પાસેથી તા.૦૯/૦૩/૨૦૧૬ ના રોજ લોન કોન્ટ્રાકટ નં.VERVLO 603080006 થી સદરહું વાહન ખરીદ કરવા રૂ.૭,૦૦,૦૦૦/– ની લોન લીધેલ હતી. આરોપીએ તેમની ઉપરોકત વિગતેની લોનના એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ ફરિયાદી સંસ્થાના કાયદેસરના લેણા પેટે આપેલ ચેક નં.૦૧૦૪૨૨, તા.૩૧/૧૨/૨૦૨૨ નો રૂ.૬,૫૦,૦૦૦/– અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર પુરાવો આઇસીઆઇસીઆઈ બેન્ક, તાલાલા શાખાનો તેઓના ખાતા નં.૨૧૫૭૦૧૫૦૧૨૨૮ નો એકાઉન્ટ પેઈ ચેક લખી આપેલ હતો. પરંતુ સદરહું ચેક "ફંડસ ઈનસફીસીયન્ટ" ના શેરા સાથે તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજ રીર્ટનમેમો સાથે પરત ફરેલ. તેથી વકીલશ્રી મારફતે આરોપીને રજીસ્ટર્ડ એ.ડી.થી ચેકની રકમ દિન–૧૫ માં ચુકવવા ડીમાન્ડ નોટીસ મોકલેલ તે નોટીસ ધોરણસર બજી ગયેલ હોવા છતા આરોપીએ રકમ ચુકવેલી નહી. તેથી કારણ ઉપસ્થિત થતા ફરિયાદીનું બેન્ક એકાઉન્ટ આ અદાલતની સ્થાનીક હકુમતમાં હોય આ ફરિયાદ કરી આરોપી સામે ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબ તહોમત ફરમાવી આરોપીને સખત નશ્યત કરવા તેમજ ચેક વાળી રકમ વળતર સહીત અપાવવા તેમજ આ અરજી અન્વયે મળી શકતી તમામ દાદ અપાવવા વિનંતી કરી છે.

(૨) આમ, ઉપરોકત હકીકતે આરોપીએ આજદિન સુધી ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧, (જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં " **અધિનિયમ** " તરીકે સંબોધવામાં આવેલ છે.) ની કલમ–૧૩૮ તથા સાથે વાંચતા કલમ–૧૪૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કરેલ હોવાથી હાલની ખાનગી ફરિયાદ નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૩) સદરહુ ખાનગી ફરિયાદ ફોજદારી કાર્યસંહિતા, ૧૯૭૩ ( જેને સરળતા ખાતર આ ઠરાવમાં હવે પછી " **સંહિતા** " તરીકે સંબોધવામાં આવેલ છે.) ની કલમ–૨૦૦ અન્વયે અત્રેની અદાલતમાં રજુ થતાં તેની નોંધણી કરેલી. આરોપી સામે સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ/પ્રોસેસ કાઢવામાં આવેલ હતા, જેની ધોરણસરની બજવણી થતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, ફરિયાદની તથા દસ્તાવેજોની નકલો વિના મુલ્યે આપી, આ કેસ સમન્સ ટ્રાયલની રીતે ચલાવવાનો હોય તે રીતે આરોપીની પ્લી (પ્રાથમિક નિવેદન) નોંધવામાં આવેલ હતી અને ત્યારબાદ તે રીતે પુરાવો નોંધી કાર્યવાહી ચલાવી લેવામાં આવી હતી. ટ્રાયલ દરમ્યાન આરોપી કસ્ટડી મુકત રહેલા છે.

(૪) આ કેસમાં પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં આરોપીએ જણાવેલ છે કે, "અમો આરોપીએ ફરિયાદી કંપનીમાંથી લોન મેળવતી વખતે આપેલ ચેકમાં સમય મર્યાદા બહાર ખોટું લેણું બતાવી ખોટી રકમ લખી ખોટી રીતે ચેક બાઉન્સ કરાવેલ હોય અમો નિર્દોષ હોઈએ છોડી મુકવા અરજ છે."

**ફરીયાદી તરફેની મૌખિક દલીલનું સંક્ષિપ્તમાં વર્ણન–**

(૫) ફરિયાદીના વિ.વકીલશ્રીની સંક્ષિપ્તમાં દલીલ છે કે, ફરિયાદીની તરફેણમાં ૧૧૮ અને ૧૩૯ ના સ્ટ્રોગ અનુમાન છે. રકમ બાકી છે તે માટે સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. આરોપી તરફથી કોઈ પુરાવા રજૂ નથી. નામદાર દિલ્હી હાઈકોર્ટના આધાર રાખેલ ચુકાદા મુજબ ચેક ટાઈમબાર્ડ લેણાનો નથી. આરોપીપક્ષ રીબર્ટલ એવીડન્સ રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ હોય અને ફરિયાદીએ પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ સાબીત કરેલ હોય આરોપીને દોષિત ઠરાવી સજા કરી ફરિયાદી કંપનીને વળતર અપાવવા વિનંતી કરી છે.

**આરોપી તરફેની દલીલનુ સંક્ષિપ્તમાં વર્ણન–**

(૬) આરોપીના વિ.વકીલશ્રીની સંક્ષિપ્તમાં દલીલ છે કે, મુદ્દત બહારના લેણાનો ચેક છે તેથી લેણુ કાયદેસરનું કહેવાય નહી. ઈરાદાપુર્વક અસલ

કોન્ટ્રાકટ રજૂ રાખેલ નથી. ઉલટતપાસમાં ફરિયાદી સમાધાનનું કહે છે તેવું કોઈ સમાધાન થયેલ નથી તેથી સમાધાનનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. લોન લેતી વખતે સીકયુરીટી પેટે આપેલા ચેકનો દુરઉપયોગ કરી ખૂબ મોટી રકમ પડાવી લેવા માટે હાલનો ખોટો કેસ કરેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

**(૭)** આ કેસના યોગ્ય ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના **મુદાઓ** ઉપસ્થિત થયેલ છેઃ–

**મુદાઓ**

(૧) શું ફરીયાદી નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદી સંસ્થાને લોનની બાકી રકમ ચુકવવા માટે થઈને ફરિયાદ વાળો ચેક ઈસ્યુ કરેલ અને તે ચેક ફંન્ડસ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત ફરતા તેની ડીમાન્ડ નોટીસ આરોપીને આપતા તેમ છતાય તે મુજબ પાલન નહી કરતા હકુમત ધરાવતી આ અદાલતમાં સમયમર્યાદામાં ફરિયાદ કરી હોય આરોપીએ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

**બીન તકરારી બાબત**

(૯) ચેક આરોપીના ખાતાનો છે અને તેમા આરોપીની સહી છે.

(૧૦) **<u>ચેક રીર્ટનના કેસની કાયદાકીય લાગુ પડતી મહત્વની જોગવાઈઓ–ખાસ કરીને હાલના કેસમાં</u>**

**138. Dishonour of cheque for insufficiency, etc**., of funds in the account.—Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for 4 [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless— (a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier; (b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, 5 [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and (c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice. Explanation.—For the purposes of this

section, “debt of other liability” means a legally enforceable debt or other liability

Honourable Supreme Court of India

Basalingappa vs. Mudibasappa (AIR 2019 SC 1983)

**23.** We having noticed the ratio laid down by this Court in avove cases on Sections the principles enumerated by this Court in following manner :-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or oher liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That ir is not necessary for the accused to come in the witness box in support of his defence,

Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

**<u>હાલના કેસની સ્થિતી–</u>**

**(૧૧)** હાલના કેસ માં ચેક આરોપી ના ખાતા નો છે અને તેમા આરોપી ની સહી છે તેથી પુરાવો નો પ્રથમ બોજો આરોપી ના શીરે જ રહેલો છે. આરોપી એ પુરાવો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝની માત્રાનો રજુ કરવાનો છે. તેના માટે આરોપીએ વિટનેસ બોક્ષમાં આવવાની જરુર નથી. આરોપીએ ફરીયાદીએ રજુ કરેલા પુરાવા, કેસના સંજોગો પર પણ આધાર રાખી શકે છે. પરંતુ આવો રીબર્ટલ પુરાવો આરોપી તરફેથી જ રજુ કરવાનો છે.

Honourable SUPREME COURT OF INDIA 2022 (0) AIJEL-SC 68346

હાલના કેસમાં પ્રુડન્ટ મેનનો સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી હોય તેથી અત્રે નામદાર સર્વોચ્ચ અદાલતના શબ્દો પ્રસ્તુત કરેલ છે.

**17.** What is important for the court is the conclusion on the basis of existence of a fact by analysing the matters before it on the degree of probability. The entire enactment is meant to facilitate the court to come to an appropriate conclusion in proving a fact. There are two methods by which the court is expected to come to such a decision. The court can come to a conclusion on the existence of a fact by merely considering the matters before it, in forming an opinion that it does exist. This belief of the court is based upon the assessment of the matters before it. Alternatively, the court can consider the said existence as probable from the perspective of a prudent man who might act on the supposition that it exists. The question as to the choice of the options is best left to the court

to decide. The said decision might impinge upon the quality of the matters before it.

**18.** The word "prudent" has not been defined under the Act. When the court wants to consider the second part of the definition clause instead of believing the existence of a fact by itself, it is expected to take the role of a prudent man. Such a prudent man has to be understood from the point of view of a common man. Therefore, a judge has to transform into a prudent man and assess the existence of a fact after considering the matters through that lens instead of a judge. It is only after undertaking the said exercise can he resume his role as a judge to proceed further in the case.

## પુરાવા નું મૂલ્યાંકન અને કારણો

## ટાઈમબાર્ડ ડેબ્ટ, કયારે અને કોને ચેક આપ્યો તેની વિગત અસ્પષ્ટ, સીકયુરીટીના ચેકનો ડીફેન્સ પ્રોબેબલ.

**(૧૨)** ફરિયાદ મુજબ આરોપીને લોન તારીખ ૦૯/૦૩/૨૦૧૬ ના રોજ આપેલી. આંક-૩૯ વાળા સ્ટેટમેન્ટ મુજબ લોન તારીખ ૨૦/૦૨/૨૦૧૯ ના રોજ પુરી થતી હતી. આરોપીએ છેલ્લે હપ્તો તારીખ ૨૮/૦૩/૨૦૧૯ ના રોજ ભરેલો.

ઉલટતપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલી હકીકત મુજબ તારીખ ૨૮/૦૩/૨૦૧૯ ના રોજથી તારીખ ૩૦/૧૨/૨૦૨૨ સુધી આરોપી વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરી નથી. હા, સ્વૈચ્છાપુર્વક જણાવેલ છે કે કોરોના હતો. પરંતુ સમય શરૂ થાય તે તારીખ અને પુરી થાય તે તારીખ તે બંન્નેય તારીખની વચ્ચેના સમયમાં કોરોના હતો તેથી તે બીમારીનો કોઈ લાભ ફરિયાદપક્ષને મળી શકતો નથી.

આંક–૩૪ થી રજૂ ફરિયાદ વાળો અસલ ચેક તારીખ ૩૧/૧૨/૨૦૨૨ ના રોજનો છે. છેલ્લું પેમેન્ટ આરોપીએ તારીખ ૨૮/૦૩/૨૦૧૯ ના રોજ કરેલું છે. તે તારીખથી રીવાઈવ થયેલી સમયમર્યાદા ધી લીમીટેશન એકટ–૧૯૬૩ ના આર્ટીકલ–૧૯ મુજબ ધ્યાને લેતા ૩ વર્ષની થાય તે તારીખ ૨૯/૦૩/૨૦૨૨ ના રોજ પુરી થઈ જાય. જયારે ચેક તેના આશરે ૯ મહીના પછીની મુદ્દતનો છે. એટલે કે ફરિયાદી કંપનીનું લેણું મુદ્દત બહારનું થઈ ગયેલું. અને તે મુદ્દત બહારના લેણા માટેનો ચેક હોય અને તે રીતે ફરિયાદીનું લેણું લીગલી ઈનફોર્સેબલ નહી હોય તેથી કલમ–૧૩૮ નું તે આવશ્યક તત્વ પૂર્ણ થતું નહી હોય આ ફરિયાદ ટકી શકે નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ મુદ્દત બહારના લેણાં અંગે જે. ચિતરંજન એન્ડ કંપની પ્રોપરાઈટર વિરૂધ્ધ રાજય (૨૦૧૬ (૦) એ.આઈ.જે.ઈ.એલ. –એચ.સી. ૨૩૬૬૨૬) (પેરેગ્રાફ–૧૭) માં પણ આ જ સિધ્ધાંત સ્થાપિત થયેલ છે. ફરિયાદી તરફે નામદાર દિલ્હી હાઈકોર્ટનું રાજીવકુમાર વિરૂધ્ધ ધ સ્ટેટ એનસીટી ઓફ દિલ્હી (તારીખ ૧૧/૦૯/૨૦૨૪) ના રોજ ના ચુકાદા વાળું જજમેન્ટ રજુ રાખેલ છે તે મુજબ ધી કોન્ટ્રાકટ એકટ–૧૮૭૨ ની કલમ–૨૫ (૩) ના આવશ્યક તત્વો ચેક પોતે જ પુર્ણ કરતો હોય ટાઈમબાર્ડ રીવાઈવ થાય છે અને કેસ ટકી શકે છે તેવો સિધ્ધાંત સ્થાપિત કરેલ છે. આવા સંજોગોમાં આ અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર આધાર રાખેલ છે. અને તેથી હાલનો કેસ મુદ્દત બહારના લેણા માટેનો હોય તે એકમાત્ર કારણથી ટકી શકતો નથી.

**(૧૩)** ફરિયાદી કંપની તરફથી કોને ચેક મળેલો, કયારે ચેક મળેલો તેની વિગત નોટીસ, ફરિયાદ કે સરતપાસમાં જણાવેલ નથી. આરોપીપક્ષનો બચાવ છે કે લોન લેતી વખતે સીકયુરીટી પેટે કોરો ચેક આપેલ તેનો દુરૂપયોગ કરેલ છે. આંક–૩૯ વાળા ફરિયાદપક્ષના સ્ટેટમેન્ટ મુજબ ચેકની તારીખના રોજ તેઓના આરોપી પાસે રૂ.૧૫,૨૯,૦૬૫ રૂપિયા બાકી હતા. જયારે ચેક સાડા છ લાખનો જ છે. તો પછી જયારે આટલા લાંબા સમયથી કોઈ વ્યકિત હપ્તો ભરતી નહી હોય તે અચાનક આટલી મોટી રકમનો ચેક આપે અને તેમ છતા પણ ખૂબ જ મોટી

રકમ બાકી રહેતી હોય તેવું જાણતા હોવા છતા ચેક આપે તે એક પ્રુડન્ટમેન તરીકે સ્વીકારી શકાય તેવી હકીકત નથી. ઉલટતપાસમાં ફરિયાદીએ જણાવેલ છે કે રૂબરૂ આવીને સમાધાન કરેલ. હવે જો સમાધાન કરેલ હોય તો ફરિયાદી કંપની કે જેનો બીઝનેસ પાન ઈન્ડીયા છે તે ચોકકસપણે સમાધાન લેખિતમાં કરે પરંતુ આવું કોઈ સમાધાન પણ ફરિયાદી તરફથી રજૂ થયેલ નથી અને ફરિયાદમાં પણ સમાધાન થયું હોય તેવો પ્રથમથી કેસ જ લાવેલ નથી. એટલે કે કેસ કાયદેસરની લેણી રકમ પેટેનો લાવેલ છે અને ઉલટતપાસમાં સમાધાનની હકીકત જણાવતા હોય આવી મહત્વની હકીકતો વિરોધાભાષી રેકર્ડ ઉપર આવેલ છે. જયારે આવા સંજોગો રેકર્ડ પર આવેલા હોય ત્યારે ફરિયાદ મુજબ આરોપીએ મુદ્દત બહારના લેણાં પેટે આટલી મોટી રકમનો ચેક અચાનક ફરિયાદીને આપેલ હોય અને તેમ છતાય ખૂબ મોટી રકમ બાકી રહેતી હોય તેવી ફરિયાદની હકીકત શંકાસ્પદ જણાતી હોય અને આરોપીનો બચાવ કે લોન લેતી વખતે સીકયુરીટીના ચેકનો ઉપયોગ કરેલ છે તે ડીફેન્સ પ્રોબેબલ જણાતો હોય મુદ્દા નંબર–૧ નો નકારમાં આપી મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામાં આવે છે.

**<u>:: આખરી આદેશ ::</u>**

૧. આ કામના આરોપી અશોકભાઈ પરબતભાઈ કરંગીયા, મુળ રહે. તાલાલા, જી. ગીર સોમનાથ, હાલ ઠે. કુળદેવી કૃપા, સુંદરમ પાર્ક, મેઈન રોડ, આજી ડેમ ચોકડી પાછળ, માંડા ડુંગર, રાજકોટ વાળા ને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનામાં ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૫૫ (૧) હેઠળ આ કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ અદાલતમાં હાજરી સીકયોર થવા

રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ તારીખ ૧૯મી જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૯ / ૦૬ /૨૦૨૬ **(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**

વેરાવળ. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ.

ગીર સોમનાથ

યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)